# ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૮મીએ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા ૨૮મી જુનના રોજ પથીકાશ્રમના સમિતિ ખંડમાં રાખવામાં આવી છે.

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે આ બેઠક તાલુકા પંચાયતના કેમ્પસ બહાર મળશે. તાલુકા પંચાયતની સામાન્ય સભા જે હોલમાં મળતી હતી તેનુ રિનોવેશનનું કામ ચાલુ હોવાથી આ બેઠક તાલુકા પંચાયત કેમ્પસની બહાર મળી રહી છે. સવારે ૧૧ વાગે શરૂ થનાર આ બેઠકમાં હોલના રિનોવેશન માટે ખુટતી રકમમાં વધારો કરવાની બાબત પણ આ બેઠકમાં સમાવવામાં આવી છે.

આ બેઠકમાં તાલુકા પંચાયતના માસિક હિસાબો અવલોકનમાં લઈ મંજૂર કરવા બાબત, બે નવા કોમ્પ્યુટર ખરીદવા બાબત, તાલુકા પંચાયત પોતાની માલિકીના મકાનમાં બેસવા બાબત, નવી ગાડી ખરીદવા બાબત, તાલુકા પંચાયતના બે મોટા બોર્ડ બનાવવા બાબત, અંદાજપત્રમાં થયેલ જોગવાઈના સ્વભંડોળના કામોની ચર્ચા બાબત તેમજ ૨૦૧૮-૧૯ની જોગવાઈ પૈકી બાકી રકમની પ્રમુખશ્રીના પ્રવાસ દરમ્યાન સુચવેલ કામોને ચર્ચાને અંતે બહાલી આપવા બાબત તેમજ હેતુફેર કરેલા વિકાસ કામોને બહાલી આપવાની બાબતો એજન્ડામાં સમાવવામાં આવેલી છે. તાલુકા પંચાયતની આ વખતની બેઠકમાં કોંગ્રેસ તેની પક્કડ છે તે વાત પુરવાર કરવા પુરેપુરા પ્રયાસ કરશે અને તેને પગલે બેઠકમાં શાબ્દીક ગરમા ગરમીનો માહોલ જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે. બન્ને પક્ષો દ્વારા બેઠકને લઈ અલગથી રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે પણ હજુ સુધી બન્ને પક્ષોએ રણનીતિના મુદ્દે મૌન ધારણ કરેલ છે.



ધુપ-છાંવ : વાદળોની અવરજવર વચ્ચે હજુ ગાંધીનગરમાં મેઘરાજા મન મુકીને વરસતા નથી... બફારો અસહ્ય બનતો જાય છે... વાતાવરણ ઉકળાટભર્યું રહે છે ત્યારે, વાદળોની અવરજવર અવનવા દશ્યોની સાથે સાથે આશાઓ પણ જન્માવે છે કે, હમણાં વરસાદ આવશે, હમણાં વરસાદ આવશે...

# મેયરે લખ્યુ કે કર્મયોગીઓ માટે મુવમેન્ટ રજીસ્ટર રાખો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલે કમિશ્નરને પત્ર લખી કર્મચારીઓ માટે મુવમેન્ટ રજીસ્ટર બનાવવાના આદેશ આપ્યા છે.

કમિશ્નરને લખેલા પત્રમાં તેમણે કર્મચારીઓની હાજરી અને મુવમેન્ટ અંગે શાખાના વડાઓને પણ જાણ ના હોય તેને લઈ આશ્ચર્ય પ્રગટ કર્યુ છે. મેયરે લખેલા બીજા એક પત્રમાં સફાઈના કર્મયોગીઓને હાજરી અંગે જીપીએસ દ્વારા માનવ ટ્રેકીંગ સિસ્ટમનો કરવા પર ભાર મુક્યો છે. તેમણે લખ્યુ છે કે સફાઈ કર્મીઓ પુરા સમય માટે કામ કરે છે કે નહિ તેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોતો જ નથી એટલુ તેમજ સ્વચ્છતાની એકમાત્ર સેવા મનપા પાસે છે ત્યારે કામના સમયે કર્મચારીઓ હાજર હોય છે કે નહિ તેની વિગતો જાણી શકાય.

# ટેલીફોન કરો; મનપાના કર્મયોગીઓ આવી વૃક્ષ વાવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમ્યાન વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવેલ છે. વૃક્ષો વાવવાની ઈચ્છા ધરાવતા નાગરીકે આ નંબર પર ૦૭૯-૨૩૨-૨૨૭૧૮ ઉપર કચેરી સમય દરમ્યાન કોલ કરનાર નાગરીકની વિગતો પુછીને જે નાગરીક વૃક્ષ ઉછેરવાની ખાતરી આપે તેમને ત્યાં સુચવવામાં આવેલ સ્થળ ઉપર અત્રેની કચેરીની ટીમ દ્વારા વિનામુલ્યે નીચે જણાવેલ વૃક્ષોમાંથી પસંદગીના વધુમાં વધુ પાંચ રોપાની મર્યાદામાં છોડ રોપી આપવામાં આવશે. તેમ મનપાની યાદીમાં જણાવાયુ છે.

૧૩ પ્રકારના વૃક્ષોનું વાવેતર આ અભિયાનમાં કરવામાં આવશે જેમાં બોરસલ્લી, જાંબુ, લીમડા, આસોપાલવ, સેવન જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે તેમ પણ આ યાદીમાં જણાવાયું છે.

# જિલ્લામાં ખાનગી શાળા છોડી ૬૫૭ બાળકોએ સરકારી શાળામાં પ્રવેશ લીધો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાનની સફળતાનો દાવો કરતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિ જણાવ્યુ છે કે ખાનગી શાળા છોડી ૬૫૭ જેટલા બાળકોએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

તેમણે કહ્યુ કે અમે મહેનત દિલ લગાવીને કરી રહ્યા છીએ અને તેથી જ વાલીઓ પુનઃ સરકારી શાળા તરફ વળ્યા છે. તેમણે તેમના આ દાવાના સમર્થનમાં જણાવ્યુ હતુ કે ધો. ૩ થી ૫ માં ખાનગી શાળા છોડી આવનારા બાળકોની સંખ્યા ૩૩૪ છે જે ખાનગી શાળા છોડી આવેલા બાળકોની સંખ્યાના ૫૦ ટકાથી પણ વધુ છે.

તેમણે ગાંધીનગર સમાચાર સાથેની એક ખાસ વાતચીતમાં જણાવ્યુ હતુ કે ધો. ૬ થી ૮ માં ૨૩૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. જ્યારે પૂર્વ પ્રાથમિક શિક્ષણ ખાનગી સંસ્થામાં મેળવ્યા પછી ૯૦ જેટલા બાળકોએ ધો. ૧ અને ૨ માં પ્રવેશ મેળવ્યો છે.

સુશ્રી પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે ધો. ૩ માં ૧૩૨ બાળકોએ તો ધો. ૫ માં ૧૦૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ધો. ૪ માં ૯૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ધો. ૩ થી ૮ માં લેવાતી એકમ કસોટીથી બાળકોના શિક્ષણમાં સારો એવો રસ જાગ્યો છે અને વાલીઓ પણ તેનાથી પ્રેરાયા છે.

તેમણે એવુ પણ કહ્યુ હતુ કે ધો. ૭માં ૧૦૧ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ધો. ૬ માં ૭૫ તો ધો. ૮ માં ૫૭ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

શિક્ષણના સાર્વત્રિકરણની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ આપવાના અમારા લક્ષ્યાંકમાં અમે પીછેહઠ કરી નથી. તેમણે જણાવ્યુ કે ૪૧૧ કુમાર અને ૨૪૬ કન્યાઓએ આ નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવ્યો છે.

સુશ્રી અર્ચનાબેને જણાવ્યુ હતુ કે દહેગામ તાલુકામાં ૧૨૯ કુમાર અને ૫૫ કન્યા મળી ૧૮૪ બાળકોએ, ગાંધીનગરમાં ૧૧૧ કુમાર અને ૫૮ કન્યા મળી ૧૬૯ બાળકોએ, કલોલમાં ૧૨૪ કુમાર અને ૭૮ કન્યા મળી ૨૦૨ બાળકોએ તેમજ માણસામાં ૪૭ કુમાર અને ૫૫ કન્યાઓ મળી કુલ ૧૦૨ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રદુષણ નિયંત્રણ માટે જુલાઈથી નવા પી.યુ.સી. મોડયુલનો અમલ કરાશે

## તમામ વાહનોનો ડેટાબેઇઝ ડીઝીટલ કરાશે : પીયુસી સેન્ટરના સી.સી. કેમેરાના ફુટેજની પણ સમયાંતરે ચકાસણી કરાશે

ગાંધીનગર તા ૨૬

વાતાવરણમાં વધતુ પ્રદુષણ ચિંતાનો વિષય છે. વાહનોની વધતી સંખ્યાની સાથે પ્રદુષણની માત્રા પણ દિનપ્રતિદિન વધી રહી છે. વાહન દ્વારા ફેલાવાતા પ્રદુષણ નિયંત્રણની કામગીરી વધુ ગુણવત્તાયુક્ત થાય તે મટે નવુ પી યુ સી મોડયુલ તૈયાર કરાયુ છે. જયારે આ પી યુ સી મોડયુલનો અમલ તા ૧ જુલાઈથી કરવામાં આવશે.

વાતાવરણમાં દિનપ્રતિદિન પ્રદુષણનુ પ્રમાણ વધી રહ્યુ છે. જયારે પ્રદુષણને નિયંત્રણ કરવા માટે તમામ વાહનોનો ડેટાબેઈઝ ડીઝીટલ કરવાનુ નક્કી કરાયુ છે. વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી દ્વારા આ મામલે પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જે મુજબ વાહન દ્વારા ફેલવાતા પ્રદુષણની નિયંત્રણની કામગીરી ગુણવત્તાયુક્ત થાય તે માટે ભારત સરકારના માર્ગ પરિવહન તેમજ ધોરી માર્ગ મંત્રાલય દ્વારા નેશનલ ઈન્ફોમેટીક સેન્ટરના પરામર્શમાં રહી પી યુ સી મોડયુલ તૈયાર કરાયુ છે. જેનો ભારતના તમામ રાજયમાં અમલ થશે. ગુજરાત રાજયમાં પી યુ સી મોડ્યલની અમલવારી આગામી તા ૧ જુલાઈ વર્ષ ૨૦૧૯થી કરવામાં આવશે. જે અન્વયે તમામ આર ટી ઓ , એ આર ટી ઓ કચેરી દ્વારા તમામ પી યુ સી સેન્ટરની બેકલોગ એન્ટ્રી કરવાની રહેશે. આ મોડયુલની કામગીરી અર્થે વાહન ૪.૦ નો ઉપયોગ કરી સક્ષમ અધિકારીને સત્તા આપવાની રહેશે. તમામ નોંધાયેલા પીયુસી સેન્ટરમાં સી સી કેમેરામાં છેલ્લા ૬ માસના ફુટેજના રેકર્ડીંગ સહીત તમામ વાહનોના પી યુ સી કર્યાનુ રેકર્ડીંગ તેમજ વેબ કેમેરાની નિભાવણી પણ કરવી પડશે. આ ઉપરાંત આર ટી ઓ કચેરી કક્ષાએથી માસિક પી યુ સી સેન્ટરની તેમજ વીડીયો રેકર્ડીંગની ચકાસણી કરવાની રહેશે. તદઉપરાંત પી યુ સી સેન્ટરમાં ઉપલબ્ધ પી યુ સી મશીન કેલીબ્રેશન સર્ટીફીકેટ પણ દર બે મહીને રીન્યુ કરાવુ પડશે. જયારે આ કામગીરી માટે હાલમાં નોંધાયેલા તમામ પી યુ સી સેન્ટરના માલિકો સાથે ખાસ બેઠકનુ આયોજન કરી વિગતવાર સમજુતી આપવાની રહેશે.

# વિજ્ઞાન પ્રવાહમાં ઓ એમ આર અને થિયરી મુજબની જ પરીક્ષા પધ્ધતિ

ગાંધીનગર તા ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં આવેલ પરીક્ષા પધ્ધતિ અન્વયે વાલીઓએ પણ રજુઆત કરી હતી. જયારે આ મુજબ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની જેમ જ ૫૦ ટકા ઓ એમ આર તેમજ ૫૦ ટકા થિયરીના પ્રશ્નો પ્રમાણે પરીક્ષા પધ્ધતિનો અમલ કરવામાં આવશે. વાલીઓની માંગણી સંતોષાતા હર્ષની લાગણી વ્યાપી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સુંયુકત નિયામકના જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં આવનાર ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા પધ્ધતિ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને જરૂરી સુચના આપવામાં આવી છે. જેમાં ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પધ્ધતિ અંગે વાલીઓ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી તા ૪ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૯ ના પત્રથી ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુરતો સુધારો કરવામાં આવ્યો છે.

જે મુજબ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ માર્ચ ૨૦૧૯ની ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની જેમ જ ૫૦ ટકા ઓ એમ આર પધ્ધતિ અને ૫૦ ટકા થિયરી પ્રકારના પ્રશ્નો પ્રમાણે પરીક્ષા પધ્ધતિનો અમલ કરવામાં આવશે.

# આરોગ્ય કમિશ્નરની કચેરીમાં હવે એન્વાયરમેન્ટ સેલ રચવામાં આવશે

## ક્લાઈમેઈટ ચેઈન્જ એન્ડ હ્યુમન હેલ્થ માટે ભારત સરકારની સૂચનાથી આરોગ્યતંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકાર ક્લાઈમેન્ટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અંગે રાજ્યકક્ષાએ એન્વાયરમેન્ટ હેલ્થ સેલ ઉભો કરશે.

ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ નિર્દેશોના પગલે રાજયના આરોગ્ય કમિશનરની કચેરીમાંઆ સેલ કાર્યરત કરવામાં આવશે.

દેશમાં ગુજરાત એ પ્રથમ રાજય હતુ જેણે ક્લાઈમેન્ટ ચેઈન્જ ડિપાર્ટમેન્ટ બનાવ્યુ છે. દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ મહત્વનો નિર્ણય લીધો હતો. જે નોંધનીય છે.

વર્તમાન સમયમાં વાતાવરણમાં વિષમ ફેરફારને કારણે પૃથ્વી પરના તાપમાન, વરસાદ તેમજ અન્ય કુદરતી પરિબળોમાં અસામાન્ય વધારો-ઘટાડો નોંધાવા પામેલ છે. જેને આપણે ક્લાઈમેન્ટ ચેઈન્જ કહીએ છીએ. આ ક્લાઈમેન્ટ ચેન્જની સીધી કે આડકતરી રીતે માનવના આરોગ્ય પર અસર પડે છે. જેના કારણે છેલ્લા કેટલાક દસકોમાં પાણીજન્ય રોગચાળો, વાહકજન્ય રોગ, હીટ સ્ટ્રોક, શ્વસનતંત્રના રોગ, કેન્સર વગેરે જેવા રોગોના પ્રમાણમાં ફેરફાર જોવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ક્લાઈમેન્ટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અંગે રાજ્યકક્ષાએ એન્વાયરમેન્ટ હેલ્થ સેલ રચવાની સાથે સાથે એક નોડલ ઓફિસર પણ નિયુક્ત કરવામાં આવશે. આ માટે એક અલાયદો સ્ટેટ એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવશે.

રાજ્ય આરોગ્ય કમિશ્નરની કચેરીમાં હાલ એપીડેમિકના નાયબ નિયામક આ સેલના અધિકારી તરીકે ફરજો બજાવશે તેમજ રાજ્યકક્ષાએ આ માટે ટાસ્કફોર્સની પણ રચના તેમજ તે માટે ગર્વનીંગ બોડીની પણ રચના કરવાનું ભારત સરકારે સૂચવ્યુ હોવાથી તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાકક્ષાએ તેમજ મનપા અને તાલુકા કક્ષાએ પણ આવા સેલોની રચના કરવામાં આવશે. આ ટાસ્કફોર્સ અને સેલમાં આરોગ્ય વિભાગ ઉપરાંત પશુપાલન, ખેતીવાડી, હવામાન વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ, પાણી પુરવઠા વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, ડીઝાસ્ટર કંટ્રોલ ઉપરાંત સામાજિક સંગઠ્નના પ્રતિનિધિઓને પણ સ્થાન આપવામાં આવશે. જિલ્લાકક્ષાએ પણ અલગથી એક્શન પ્લાન બનશે અને રાજયકક્ષાએ પણ એક્શન પ્લાન બનશે.



વરસાદી પાણીનો ભરાવો - ગુજરાતનું હાર્દ એટલે ગાંધીનગર, અને ગાંધીનગરનું હાર્દ એટલે સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર.... સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા હજુ ગોઠવાઈ શકી નથી... વર્ષોના વ્હાણા વાયા, ફુવારા મુકાયા અને ફુવારા કઢાયા.... જાત-જાતના તુક્કા લડાવાયા... પરંતુ બધુ ઠેરનું ઠેર... જ્યા રોજના સેંકડો નાગરિકોની અવરજવર છે એવા મુખ્ય હજારના કેન્દ્રમાં વરસાદનું પાણી દિવસોના દિવસો સુધી ભરાયેલું રહે છે... આને રોગચાળાનું ઉદગમ સ્થાન ગણવામાં પણ સ્હેજેય હિચકાટ ન થાય તેવી અને તેટલી બેદરકારી તંત્ર દ્વારા લેવાઈ રહી છે...

# જિલ્લાની માધ્યમિક શાળાઓમાં જુલાઈમાં આચાર્યોને નિમણુંક અપાશે

## મેરીટ તૈયાર થયા બાદ જુલાઇના પ્રથમ સપ્તાહમાં ઇન્ટરવ્યુ પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ઘટને નિવારવા ટુંક સમયમાં ભરતી પ્રક્રીયા હાથ ધરાશે. છેલ્લા બે વર્ષથી આચાર્યની ભરતી પ્રક્રીયા અટવાઇ છે. જયારે આ મામલે છેલ્લા કેટલાક સમયથી મેરીટ પણ તૈયાર કરી દેવાયુ છે. હવે આગામી જુલાઇ મહીનાના પ્રથમ સપ્તાહમાં જ ઈન્ટરવ્યુના આધારે આચાર્યોને શાળાઓમાં નિમણુંક આપવા કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાં ૮૦ જેટલા આચાર્યોની ભરતી કરાશે.

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે છેલ્લા પાંચ વર્ષથી શિક્ષણ તંત્ર દ્વારા નવતર પ્રયોગ હાથ ધરાયો છે. જિલ્લાની શાળાઓમાં બોર્ડના પરિણામની ટકાવારી સુધારવા માટે પણ વધારાના વર્ગો સહીતનુ આયોજન કરવામાં આવે છે. જયારે શિક્ષણ ક્ષેત્રે શાળાઓમાં માળખાગત સુવિધાઓનો અભાવ પણ શિક્ષણવિદોમાં આક્રોશનુ કારણ છે. જિલ્લાની સરકારી શાળાઓમાં માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓનુ શિક્ષણ કથળતુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે શાળાઓમાં શિક્ષકો તેમજ આચાર્યોની ઘટના મામલે પણ તુરંત પગલા લેવાતા ન હોવાથી શિક્ષણ પ્રક્રીયા પર માંઠી અસર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં સરકારી શાળાઓ પણ ખાનગી શાળાઓની સમકક્ષ શિક્ષણ પુરુ પાડી શકે તે માટે ખુટતા પરિબળોને યોગ્ય કરવા પણ અનિવાર્ય છે. પરંતુ હજુ સુધી સરકારી શાળાઓમાં શિક્ષણને હાઈટેક કરવા અસરકારક પગલા લેવામાં ઘણુ ખુટે છે. જિલ્લાની માધ્યમિક શાળાઓમાં પણ છેલ્લા બે વર્ષથી આચાર્યોની ભરતી પ્રક્રીયા વિલંબમાં પડી છે. અગાઉ પણ આ મામલે શિક્ષણતંત્ર હરકતમાં આવ્યુ હતુ. પરંતુ આગળની કાર્યવાહી અટકી પડી હતી. જયારે હવે આચાર્યોની ભરતી પ્રક્રીયાને અનુલક્ષી મેરીટ તૈયાર કરી દેવાયુ છે. ત્યારબાદ હવે આગામી તા ૩ જુલાઈથી ઈન્ટરવ્યુ માટેની પ્રક્રીયા પણ હાથ ધરાશે. આ દરમિયાન જિલ્લાની શાળાઓમાં આચાર્યોની ભરતી પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવાશે. માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ભરતીના અંતે ઘટનો પ્રશ્ન હલ થશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com